POLYLINK POLYMERS (INDIA) LIMITED
CIN NO: L17299GJ1993PLC032905
AN IS/ISO : 9001 : 2015 COMPANY

**Head Office :**
506, Saffron Building, Near Center Point,
Ambawadi, Ahmedabad - 380 006.
Phone : 079-26427800, 26565200
Tele Fax : 91-79-26421864
E-mail : polylink@polylinkpolymers.com
Website : www.polylinkpolymers.com

**Registered Office (Works) :**
Block No. 229-230, Vill - Valthera,
Dholka-Bagodara Highway,
Taluka-Dholka,
Dist.-Ahmedabad-382225

Date: 29th January, 2024

To,

**The Secretary,**

Corporate Relationship Department,
Bombay Stock Exchange,
1st Floor, New Trading Ring,
Rotunda Building, P.J. Towers,
Dalal Street,
Mumbai - 400 001

**Sub: Compliance under Regulation 47 of SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015**

Dear Sir,

pursuant to Regulation 47 of SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, please find enclosed herewith newspaper copies of Notice calling Board Meeting published in the following newspapers on 29th January, 2024

- The Newsline (Gujarati)
- Chanakya Ni Pothi (English)

This is for your information and record purpose.

Yours Faithfully,
**For Polylink Polymers (India) Limited**

Raviprakash Harishankar Goyal

Digitally signed by Raviprakash Harishankar Goyal
DN: c=IN, o=Personal, title=4501,
pseudonym=8e231dc998844c86bb6ccb6efdb7657f,
2.5.4.20=841da4ac3971a59d19348514ff9d9caff29ff81eeed01360f09dff1a638171a8, postalCode=380054, st=Gujarat,
serialNumber=425f10afdc50176456825375950c1683e9bf1947d4917fdd1261fda0208239d6, cn=Raviprakash Harishankar Goyal
Date: 2024.01.29 14:41:18 +05'30'


**Raviprakash R Goyal**
**Whole Time Director**
**DIN: 00040570**

# ધી ન્યુઝલાઇન

વર્ષ : ૩૦ અંક : ૧૨૬ તા.૨૯-૧-૨૦૨૪ પાનાં ૪ માલિક : જયની પબ્લીશર્સ તંત્રી : રણછોડ એન. શાહ સહ તંત્રી : રાધિકા ગંજવાલા



ડ્રાઈવર ?



ડ્રાઈવર, રસોયા, નોકર શોધવા હવે ખૂબ જ સરળ

staffavailable.com

ના એકદમ અલગ પ્રકારના અને દેશમાં એકમાત્ર આવી સવલત ઓફર કરતાં પ્લેટફોર્મ ઉપર તમારી જરૂરિયાત મૂકી દો

તદ્દન ફ્રી

staffavailable.com


## સામાન્ય પ્રજાને ખુશ કરવામાં આવે તે પ્રકારની જાહેરાતો હશે તે સંભાવના

**શનિવારે યસ બેંકના પ્રોત્સાહક પરિણામો આવ્યા,થોડા દિવસોમાં રૂા. ૨૮-૨૯નો ભાવ જોવા મળવાની ગણતરી છે.**



નવા અઠવાડિયામાં લોકસભાની ચૂંટણી અગાઉનું છેલ્લું બજેટ આવી જશે અને આ બજેટમાં એકંદરે નવા કરવેરાની કોઈ જોગવાઈ નહિ હોય અને સાથે સાથે સામાન્ય પ્રજાને ખુશ કરવામાં આવે તે પ્રકારની જાહેરાતો હશે તે સંભાવના સ્પષ્ટ રીતે દેખાય છે. વોટ ઓન એકાઉન્ટ હશે કે કેમ તે અંગે ચર્ચા નથી કરતા, પરંતુ રોજગારી વધે અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટો માટેના એલોકેશન વધે તે અંગેની જાહેરાતો અપેક્ષિત છે તેમ છતાં બજેટમાં આ પ્રકારની જોગવાઈઓની તાત્કાલિક તો કોઈ અસર અર્થતંત્ર ઉપર પડે તે સંભાવના નથી લાગતી, બજેટને મંજૂરી મળે અને સરકાર ખર્ચા કરવાનું શરૂ કરે તે પહેલા જ લોકસભાની ચૂંટણી આવી ગઈ હશે અને તેથી બજેટમાં ગમે તે દરખાસ્તો હોય પરંતુ તેનો કોઈ જ નોંધપાત્ર ફાયદો આવતા થોડા મહિના દરમ્યાન અર્થતંત્રને મળશે તે સંભાવના નથી લાગતી.

સામે પક્ષે આ વખતનું બજેટ એકંદરે સેન્ટીમેન્ટની દૃષ્ટિએ મહત્ત્વનું હશે અને તેમાં રીન્યુએબલ એનર્જી ખાસ કરીને સોલર એનર્જી અને હાઈડ્રોજન એનર્જી અંગે મોટા એલોકેશનની સંભાવના છે.

રામમંદિર પછી તરત જ વડાપ્રધાને રૂફ ટોપ સોલર પ્રોજેક્ટો અંગે જાહેરાત કરી દીધી અને આગામી મહિનાઓમાં આ અંગે અનેક પ્રોત્સાહનો અને સબસિડી જાહેર થાય તેવી ગણતરી છે કારણ કે આ પ્રકારના સોલર પ્રોજેક્ટને કારણે નજીકના વર્ષોમાં જ થર્મલ પાવર પ્રોજેક્ટો ઉપરનો ભાર ઘટી શકશે અને નવા થર્મલ પાવરોની આવશ્યકતા નહિ રહે અને તેને કારણે મધ્યમગાળે કોલસા અને ક્રૂડની માંગ પણ ઘટે તે સંભાવના મજબૂત છે. સોલર એનર્જીને કારણે ઈલેક્ટ્રિક વાહનોમાં પણ મોટી બચતની અપેક્ષા છે. અત્યારે ઘણા રોકાણકારો અને પ્રજાના વર્ગને ભય છે કે ઈલેક્ટ્રિક કારમાં ભલે પેટ્રોલ અને ડિઝલનો વપરાશ ન થતો હોય પરંતુ પાવર પ્લાન્ટમાં ખૂબ જ મોટા પાયે ડિઝલ, ફર્નેશ ઓઈલ અને કોલસાનો વપરાશ થવાનો અને તેને કારણે ઈલેક્ટ્રિક વાહનોને ગ્રીન એનર્જી ન કહી શકાય. પરંતુ આ ઈન્વેસ્ટરો અને પ્રજાનો વર્ગ એ ભૂલી જાય છે કે નજીકના વર્ષોમાં જ ઈલેક્ટ્રિક વાહનો સોલર એનર્જીથી ચાર્જ થવા લાગશે અને તેવા સંજોગોમાં થર્મલ પાવર પ્લાન્ટ ઉપરનું દબાણ નોંધપાત્ર રીતે ઘટી જશે. આમ આ વખતના બજેટમાં આ અંગેની જોગવાઈઓ અપેક્ષિત છે અને આ જોગવાઈઓનો ખૂબ જ મોટો ફાયદો સ્પષ્ટ રીતે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, અદાણી અને તાતા ગ્રૂપ લઈ જશે તેમ કહી શકાય.

બીજી તરફ હાઈડ્રોજન એનર્જી અંગે પણ બજેટમાં અપેક્ષા છે. અદાણી પણ ખૂબ જ મોટા પાયે હાઈડ્રોજન પાવર પ્રોજેક્ટમાં દાખલ થઈ ગઈ છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ પણ આ ક્ષેત્રમાં મોટું રોકાણ કરી રહી છે અને બીજી તરફ તાતા ગ્રૂપ એક તરફ સોલર એનર્જી અને બીજી તરફ તેની તાતા મોટર્સમાં હાઈડ્રોજનથી ચાલતી ટ્રક ઉપર રિસર્ચ કરી રહી છે અને નજીકના સમયગાળામાં જ હાઈડ્રોજનથી ચાલતી ટ્રકો ભારતીય રસ્તાઓ ઉપર દોડતી થઈ જશે અને આ ટ્રક માટેની ટાંકીઓ બનાવવામાં આઈનોક્સ લિમિટેડની મોનોપોલી છે અને હાઈડ્રોજન ભરવા માટેના જે ડિસ્પેન્શર પેટ્રોલ પમ્પો ઉપર જોઈએ તે પણ આઈનોક્સ જ બનાવે છે. ઈન્ડિયન ઓઈલ પણ આ પ્રકારના હાઈડ્રોજન પમ્પ શરૂ કરવા માટે આખરી તૈયારીમાં છે અને તેથી આ વખતના બજેટમાં આ અંગેની જાહેરાતો પણ અપેક્ષિત છે.

બીજી તરફ જે રીતે મેડિકલ ટુરિઝમનો ફાયદો ભારતની હોસ્પિટલોને મળ્યો છે તે જ રીતે અયોધ્યા પછી રિલિજિયન ટુરિઝમ એટલે કે ધાર્મિક પ્રવાસોને પ્રોત્સાહન આપવામાં આવે તે સંભાવના મજબૂત છે અને સાથે સાથે વડાપ્રધાને તાજેતરમાં બે-ત્રણ વખત ડેસ્ટીનેશનલ વેડિંગ અંગે પરદેશના લોકેશનને પસંદ કરવાને બદલે ભારતના જ લોકેશન પસંદ કરવાનું સૂચન કર્યું છે અને સ્વાભાવિક છે કે આ પ્રકારની પહેલને કારણે ભારતના હોટલ ઉદ્યોગનો જોરદાર વિકાસ થાય અને સાથે સાથે અનેક નવી રોજગારીઓ પણ ઊભી થઈ શકે અને તેથી બજેટમાં આ વખતે તે અંગે નવા ટુરિઝમ સેન્ટરો શરૂ કરવાની જાહેરાત અપેક્ષિત છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અંગે પણ પ્રોત્સાહનની સંભાવના મજબૂત છે.

આમ એકંદરે બજેટ ફિલ ગુડ ફેક્ટરવાળું હશે અને તે પછી ચૂંટણીઓ અંગેના પ્રચાર શરૂ થઈ જશે તેમ સ્પષ્ટ રીતે દેખાય છે. અયોધ્યા પછી અત્યારે હિન્દુ પ્રજાનું અને ખાસ કરીને ઉત્તર ભારતના હિન્દુઓનું વલણ ભાજપ તરફ થયું છે. દક્ષિણ ભારતમાં એમ પણ ભાજપને ઓછી સીટો મળતી હતી અને તેથી તે સીટોમાં ખાસ ફેરફાર આવે તે સંભાવના નહિવત છે. સામે પક્ષે વિરોધપક્ષો એકજૂથ થાય તે સંભાવના અગાઉ પણ ઓછી હતી અને હવે જે રીતે પશ્ચિમ બંગાળામાં મમતા બેનર્જી અને પંજાબમાં આપ દ્વારા વલણ અપનાવવામાં આવ્યું છે તે જોતા વિરોધપક્ષોનો સંઘ કાશીએ જાય તે સંભાવના ઓછી છે. મહારાષ્ટ્ર અંગે હજી કોઈ સ્પષ્ટતા નથી. તેમ છતાં મહારાષ્ટ્રમાં કોંગ્રેસ, શરદ પવાર અને શિવસેના સીટ અંગે કોઈ સમજૂતી કરે તે સંભાવના મજબૂત છે તેમ છતાં આ ત્રણ રાજ્યોને બાદ કરીએ તો બાકીના રાજ્યોમાં કોંગ્રેસની પકડ અન્ય પ્રાદેશિક પક્ષો કરતા ઘણી જ મજબૂત હતી અને તેથી ભલે ઈન્ડિયા બ્લોક સફળ નથી થયું તેમ કેટલાક અખબારોમાં હેડિંગ દર્શાવાતા હોય. પરંતુ આ ડેવલપમેન્ટને કારણે ભાજપની સ્થિતિ એકદમ મજબૂત થઈ ગઈ હોય તેમ માની લેવાને કોઈ કારણ નથી.

શ્રી મોદી સાહેબ તરફનો પ્રેમ અલગ વાત છે પરંતુ તે પક્ષ પણ અન્ય નેગેટીવ વાસ્તવિકતા સમજે છે અને તેને કારણે જ આટલા મોટા પ્રમાણમાં અન્ન યોજના અને અન્ય જાહેરાતો તેણે સતત કરવી પડે છે. મોંઘવારીને અને બેરોજગારીને કારણે પ્રજાનો મોટો વર્ગ ત્રસ્ત છે તેની અસર વોટબેંક ઉપર અતિશય આકસ્મિક રીતે ખરાબ પડે તે ભય ભાજપ અને તેના ટોચના નેતાઓને સતત સતાવે છે અને એટલા માટે જ વિરોધપક્ષો ઉપર ઈડી અને ઈન્કમટેક્ષના દરોડા અને સાથે સાથે મફત અન્ન અંગેની જાહેરાતોનો મારો આપીને વોટબેંક સાંચવવાની વ્યૂહરચના ચાલી રહી છે. મતની ટકાવારીની દૃષ્ટિએ જોઈએ તો ભાજપ અને કોંગ્રેસ વચ્ચે નહિવત તફાવત છે અને તેથી આ તબક્કે ઈન્ડિયા બ્લોકને ભલે ખાસ સફળતા ન મળી હોય પરંતુ તેને કારણે ભાજપની પોઝિશન અતિશય મજબૂત બની ગઈ છે તેમ માની લેવાને કોઈ કારણ નથી લાગતું. આપણે ગુજરાતી વિસ્તારમાં ફરીએ છીએ અને તેથી ગુજરાતીઓને છેલ્લા ૪૦ વર્ષથી કોંગ્રેસ વિરોધી માનસ દેખાતું હોય તે એક અલગ પાસું છે, પરંતુ ભારતના અન્ય રાજ્યોમાં હજી પણ ભાજપની સ્થિતિ એટલી મજબૂત નથી. અને શક્ય છે કે બજેટ પછી આ અનિશ્ચિતતા બહાર આવે અને તેની અસર બજાર ઉપર જોવાય તે સંભાવના નકારી ન શકાય.

ચૂંટણી અંગેની અનિશ્ચિતતા વચ્ચે કંપનીઓના સારા પરિણામો એક ખૂબ જ પોઝિટિવ પાસું છે જ્યારે આંતરરાષ્ટ્રીય સ્તરે ચીનના અર્થતંત્રમાં ભારોભાર નબળાઈ એક અતિશય નેગેટીવ પાસું છે અને સાથે સાથે અમેરિકામાં અર્થતંત્ર તો મજબૂત છે જ અને સાથે સાથે માર્ચ મહિનાથી ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદરમાં પણ ઘટાડો કરાશે તે આશાવાદ છે. આમ આગામી બે-ત્રણ મહિના પોઝિટિવ અને નેગેટીવ પાસાઓને કારણે બજારમાં વોલેટાલિટીનું પ્રમાણ ખૂબ જ તીવ્ર રહેશે તેમ સ્પષ્ટ રીતે દેખાય છે અને તેથી ઈન્ડેક્ષ આધારિત કામ કરવાને બદલે કેવળ સ્ક્રિપવાઈસ એટલે કે પસંદગીના શેરો ઉપર જ ફોકસ રાખીને શોર્ટટર્મ એન્ગલથી કામ કરવામાં જ નફો મળી શકશે.

બેંકિંગ સેક્ટરમાં અત્યારે લિક્વિડીટી અંગે એક ભારોભાર નબળાઈ દેખાય છે. ગયા અઠવાડિયા દરમ્યાન રિઝર્વ બેંકે રૂા. ૩ લાખ કરોડનું ભંડોળ ભારતીય બેંકોને આપવું પડ્યું અને તેને લિક્વિડીટી ડેફિસીટ તરીકે ઓળખવામાં આવે છે અને લગભગ આઠ વર્ષના સમયગાળા પછી ભારતના બેંકિંગ સેક્ટરમાં આ પ્રકારની લિક્વિડીટી ડેફિસીટ જોવાઈ છે. બેંકિંગ નિષ્ણાંતોના મત મુજબ બેંકો પાસે અત્યારે ભંડોળની ભારોભાર અછત ઊભી થઈ છે અને તેથી તેમણે ધિરાણ વૃદ્ધિને જાળવી રાખવા અને રોજબરોજના કામકાજ માટે રિઝર્વ બેંક પાસેથી જંગી ભંડોળ ઊભું કરવું પડ્યું છે અને તેને કારણે બેંકોના વ્યાજખર્ચમાં નોંધપાત્ર ઉછાળો જોવાયો છે. બેંકો અત્યારે રિઝર્વ બેંક પાસેથી ૬.૮૫ ટકાના દરે પૈસા ઉપાડી રહી છે અને આ પ્રકારની લિક્વિડીટી ડેફિસિટને કારણે આગામી સમયગાળામાં ધિરાણ વૃદ્ધિને અસર પડે તે ભય ખૂબ જ મોટો છે.

બેંકિંગ સેક્ટરના આ પાસાને બાદ કરીએ તો અન્ય રીતે અત્યારે મોટા ભાગની પ્રાઈવેટ સેક્ટરની બેંકોમાં નેટ એનપીએનું પ્રમાણ ઘણું જ નીચું આવી ગયુ છે અને સાથે સાથે તેઓ ૯૦ ટકાની સરેરાશવાળો પ્રોવિઝન કવરેજ રેશિયો ઊભો કરી ચૂક્યા છે. અને તેથી આગામી સમયગાળામાં બેંકિંગ સેક્ટરમાં પરિણામો ખૂબ જ પ્રોત્સાહક રહેવાની ગણતરી છે.

**એચડીએફસી બેંક**માં ડિપોઝીટોનો વૃદ્ધિદર નબળું છે તે કારણ લાવીને આ શેરને ખૂબ જ મોટા પાયે તોડવામાં આવ્યો હતો. અત્યારે રૂા. ૧૪૩૫ ઉપર આવી ગયેલા આ શેરમાં હવે ઘટવાની જગ્યા નહિવત છે. ચાણક્યમાં આ વખતે ચાર્ટ એનાલિસીસમાં દર્શાવ્યું છે કે આવતા ૧૦ દિવસમાં આ શેર બોટમઆઉટ થઈને ઝડપી ઉછાળાનો ટ્રેન્ડ દર્શાવશે. મુંબઈના કેટલાક ખેલાડીઓ આ શેરમાં રૂા.૧૩૦૦ સુધી ભાવ આવી જશે તેમ વાતો ચલાવ્યા કરે છે પરંતુ તે રીતે ઘટાડાની કોઈ સંભાવના નથી લાગતી. અને ગમે ત્યારે બોટમઆઉટ થઈને આ શેર અપટ્રેન્ડમાં આવી જવાની ગણતરી છે.

સામે પક્ષે રૂા. ૧૭૬૮ ઉપર આવી ગયેલા **કોટક બેંક**માં આવતા થોડા દિવસોમાં વધારે પ્રમાણમાં ભાવ તૂટે તેવી સંભાવના છે. રૂા. ૨૦૬૩ના લેવલથી ઘટીને આ શેર રૂા. ૧૭૬૮ ઉપર આવી ગયો છે અને આવતા થોડા દિવસોમાં રૂા. ૧૭૪૮ અને તે પછી રૂા. ૧૭૨૭ સુધી ભાવ ઉતરી જવાની ગણતરી છે. અને તેથી આ શેરમાં શોર્ટટર્મમાં મંદીનું કામકાજ કરી શકાય.

**આઈડીએફસી ફર્સ્ટ બેંક**માં પણ કરેકશનનો તબક્કો ચાલે છે. રૂા. ૮૦વાળા આ શેરમાં ભાવ વધારે ઘટીને રૂા. ૭૭ અને તે પછી રૂા. ૭૬-૭૪ પહોંચી જાય તો નવાઈ નહિ લાગે.

**આઈસીઆઈસીઆઈ બેંક** અત્યારે રૂા.૧૦૧૦ ઉપર ચાલે છે અને આ શેરમાં બેંક નિફ્ટીની નબળાઈની થોડી અસર પડી શકે. બાકી આઈસીઆઈસીઆઈ બેંકમાં મોટો ઘટાડો નથી દેખાતો.

સામે પક્ષે રૂા. ૧૦૪૨ ઉપરની **એક્સિસ બેંક**માં આગામી દિવસોમાં મોટા પાયે ભાવ તૂટશે તેમ સ્પષ્ટ દેખાય છે. રૂા. ૧૧૫૨ના લેવલથી ઘટીને એક્સિસ અત્યારે રૂા. ૧૦૪૨ ઉપર આવ્યો છે અને તેમાં આવતા થોડા દિવસોમાં રૂા. ૧૦૦૬ સુધી ભાવ ઉતરી જવાની સંભાવના છે.

બીજી તરફ **યસ બેંક** ખરાબ પરિસ્થિતિમાં પણ ઝડપથી સુધરતો જાય છે. શનિવારે યસ બેંકના પ્રોત્સાહક પરિણામો આવ્યા અને આ પરિણામના સપોર્ટ સાથે આ શેરમાં આવતા થોડા દિવસોમાં જ રૂા. ૨૮-૨૯નો ભાવ જોવા મળવાની ગણતરી છે. તેમ છતાં યસ બેંક આ રીતના રૂા. ૪-૫ના નફા માટે લેવાને બદલે આ શેર રૂા. ૧૦૦ પ્લસ આવતા થોડા મહિનામાં થવાનો છે તે ધ્યાનમાં રાખીને ભેગા કરવા. અને તેથી આ શેરમાં પ્રોફિટ બુકિંગની ઉતાવળ સહેજ પણ ન કરવી તેમ સ્પષ્ટ રીતે દર્શાવીએ છીએ.

પ્રાઈવેટ સેક્ટરની ટોચની બેંક **ઇન્ડસઈન્ડ બેંક** રૂા. ૧૬૯૪થી ઘટીને અત્યારે રૂા.૧૫૧૨ ઉપર આવી ગયો છે અને આવતા થોડા દિવસોમાં આ શેર વધારે ઘટીને રૂા. ૧૪૮૫ અને તે પછીના ઘટાડે રૂા.૧૪૬૦ સુધી આવી જાય તેમ સ્પસ્ટ રીતે દેખાયછે.

રૂા. ૨૨૧ ઉપરની **બંધન બેંક**માં પણ અન્ડરટોન બોદો છે અને તેથી તેમાં રાહ જોવાને બદલે યસ બેંકમાં શિફ્ટ થઈ જવું. બંધનમાં રહેશો તો નુકસાન મળશે તેને બદલે મુક્ત થઈને યસ બેંકમાં લગભગ ૧૦થી ૧૫ ટકા રિટર્નની શોર્ટટર્મમાં ગણતરી છે.

રૂા. ૭૦૭વાળા **એયુ સ્મોલ ફિનાન્સ બેંક**માં પણ અન્ડરટોન નબળો છે અને તેમાં પણ આવતા થોડા દિવસોમાં ભાવ ઝડપથી રૂા. ૨૦-૩૦ ઘટીને રૂા. ૬૮૦ સુધી આવી જાય તે સંભાવના છે.

**સીએસબી બેંક** અત્યારે રૂા. ૩૭૪ ઉપર છે અને તેમાં પણ નાના કરેકશનની સંભાવના મજબૂત છે. પરિણામો પ્રોત્સાહક છે અને તેથી તે અંગે કોઈ ચિંતાનું કારણ નથી પરંતુ એકંદરે બેંકિંગ સેક્ટર તરફનું સેન્ટીમેન્ટ નબળું થયું હોવાથી આ શેર પણ દબાણ હેઠળ રહેવાની ગણતરી છે.

**તામિલ મરન્કટાઈલ બેંક**નો શેર પણ આગામી દિવસોમાં નાનો ઘટાડો બતાવે તે સંભાવના મજબૂત છે.

સરકારી બેંકોમાં પરિણામો અપેક્ષા કરતા ઘણા જ પ્રોત્સાહક આવ્યા છે. **સ્ટેટ બેંક**નો શેર સહેજ ઘટીને રૂા. ૬૧૨-૬૧૩ ઉપર આવ્યો છે અને તેમાં નહિવત ઘટાડાની જગ્યા છે. નવા અઠવાડિયામાં ભલે પ્રાઈવેટ સેક્ટર બેંકો ઝડપથી તૂટે પરંતુ સ્ટેટ બેંકના શેરમાં ઘટાડાનો ભય ખૂબ ઓછો છે તેમ છતાં એકદમ ઝડપથી ઊંચકાશે પણ નહિ તેમ સ્પષ્ટ રીતે કહી શકાય.

**કેનેરા બેંક**ને પણ નફાનો ખૂબ જ સુંદર સપોર્ટ મળ્યો છે. અત્યારે રૂા. ૪૬૫વાળા આ શેરમાં ધીમા સુધારા સાથે રૂા. ૪૭૮ અને તે પછી રૂા. ૪૯૪નો ભાવ જોવા મળે તે સંભાવના મજબૂત છે અને તેથી તે શેર ઉપર ફોકસ રાખી શકાય.

**યુનિયન બેંક**નો શેર રૂા.૧૪૦ ઉપર ચાલે છે અને આવતા થોડા દિવસો દરમ્યાન આ શેરમાં કોન્સોલિડેશનની સાથે સાથે એકદમ ધીમો અપટ્રેન્ડ જોવા મળવાની ગણતરી. ભાવ એકદમ ઝડપથી તૂટી જાય તેવો કોઈ ભય નથી લાગતો.

સામે પક્ષે **યૂકો બેંક**માં હજી પણ એનપીએનું પ્રમાણ થોડુંક ઊંચું છે અને તેથી આ શેર અત્યારના રૂા. ૪૧.૨૦ના લેવલથી ધીરે ધીરે ઊંચકાઈને રૂા. ૪૬ આસપાસ આવે તેવી ગણતરી છે. નવા અઠવાડિયાની શરૂઆતમાં થોડીક નબળાઈ પછી આ શેરમાં અપટ્રેન્ડની સંભાવના મજબૂત.

**પંજાબ નેશનલ બેંક** રૂા. ૧૦૪ ઉપર આવ્યો છે અને તેમાં પણ પરિણામનો ખૂબ જ સુંદર સપોર્ટ દેખાય છે. આગામી દિવસોમાં રૂા. ૧૧૦ અને તે પછી રૂા. ૧૧૪-૧૨૦ ઉપર આવી જવાની ગણતરી. અને તેથી થોડાક શેરો લઈને મૂકી શકાય.

**બેંક ઓફ ઇન્ડિયા** અત્યારે રૂા. ૧૩૧ ઉપર ચાલે છે અને તેમાં પણ એકાદ અઠવાડિયું ટૂંકી વધઘટ બતાવ્યા પછી નવી ઝડપી તેજીની ગણતરી છે અને તેથી રોકાણ જાળવી રાખવું. અને આવો જ સુંદર ઉછાળો **બેંક ઓફ બરોડા**ના શેરમાં પણ જોવાય છે. અત્યારના રૂા. ૨૨૭વાળા આ શેરમાં નવા અઠવાડિયાના નબળા માહોલ વચ્ચે પણ ભાવ ધીરે ધીરે સુધરતો જાય તે સંભાવના છે.

શોર્ટટર્મ ખેલાડીઓ **બેંક ઓફ મહારાષ્ટ્ર**માં હવે સુંદર ઉછાળાની જગ્યા જુવે છે. રૂા. ૫૩.૪૦વાળા આ શેરમાં આવતા થોડા દિવસોમાં ઝડપી વૃદ્ધિ સાથે રૂા. ૫૮ અને તે પછી રૂા. ૬૦ના ભાવની ગણતરી છે.

**જમ્મુ એન્ડ કાશ્મીર બેંક** અત્યારે રૂા. ૧૩૦ ઉપર છે અને આ શેરમાં પણ એકદમ ધીમા સુધારા સાથે રૂા. ૧૩૫ અને તે પછી રૂા. ૧૪૦ના ભાવની ગણતરી. એકદમ નાનું રોકાણ કરી શકાય.

**આઈડીબીઆઈ બેંક** અત્યારે રૂા. ૮૩-૮૪ ઉપર છે અને તેમાં આવતા થોડા દિવસો દરમ્યાન ધીમા સુધારા સાથે રૂા. ૯૦-૯૧ અને તે પછી ધીરે ધીરે રૂા. ૯૪ના ભાવની સંભાવના મજબૂત. અને તેથી તે શેર ઉપર ફોકસ રાખી શકાય. જ્યારે **આઈએફસીઆઈ**માં કોઈ જ કસ નથી દેખાતો અને તેમાં રોકડી કરીને અથવા તો નુકસાન બુક કરીને પણ યસ બેંકમાં શિફ્ટ થઈ જજો.






છેલ્લા બે મહિના દરમ્યાન **બીએસઈ લિમિટેડ**નો શેર રૂા. ૨૫૦૦ ઉપર ગયા પછી અત્યારે પ્રોફિટ બુકિંગ અને કરેકશન સાથે રૂા. ૨૧૨૧ ઉપર આવી ગયો છે અને હજી પણ આ શેરમાં રૂા. ૨૧૦૨ અને તે લેવલ તૂટ્યા પછી રૂા. ૨૦૮૨નો ભાવ જોવા મળે તે સંભાવના મજબૂત છે અને કદાચ રૂા. ૨૦૦૦નું લેવલ પણ તોડે તો નવાઈ નહિ લાગે.

સામે પક્ષે **એમસીએક્સ**નો શેર અત્યારે રૂા. ૩૨૨૧ ઉપર આવ્યો છે. અને એમસીએક્સમાં પણ શોર્ટટર્મ નબળાઈ થોડા દિવસો જોવાયા પછી નવી સુંદર તેજીની જગ્યા છે. અને તેથી તે શેર હાલના તબક્કે પકડી રાખવો. એનર્જીનુ ટ્રેડિંગ કરતી **આઈઈએક્સ**નો શેર રૂા. ૧૩૫ ઉપર છે અને હજી તેમાં વધારે ઘટાડા સાથે રૂા. ૧૩૨-૧૨૮નું લેવલ આવે તે ભય છે.

એક્સચેન્જના કામકાજ સાથે સંકળાયેલી **સીડીએસએલ**નો શેર અત્યારે રૂા. ૧૭૭૦ ઉપર ચાલે છે અને આ શેરમાં રૂા. ૨૦૦૦નું ટોપ બન્યું હતું. આવતા થોડા દિવસો દરમ્યાન હજી વધારે ઘટીને રૂા. ૧૭૪૮ અને તે પછી રૂા. ૧૭૨૬ સુધી ભાવ ઉતરી જાય તે સંભાવના મજબૂત છે.

**કેફિન ટેકનોલોજી**માં ડિસેમ્બર ક્વાર્ટરના નફામાં લગભગ ૧૫ ટકાનો ઉછાળો જોવાયો છે. અત્યારે રૂા. ૫૪૦વાળા આ શેરમાં આગામી દિવસોમાં તેજી લાંબી ચાલશે તેવી ગણતરી છે. અત્યારે પીઈ ફંડો હસ્તકની આ કંપનીમાં આવતા થોડા દિવસોમાં રૂા. ૫૫૭ અને તે પછી ઉછાળે રૂા. ૫૭૦નો ભાવ જોવા મળે તેવી ગણતરી છે.

**કેમ્સ**નો શેર રૂા. ૨૭૪૭ ઉપર છે અને હજી તેમાં થોડા કરેકશન સાથે ભાવ રૂા. ૨૭૧૪ અને તે પછીના ઘટાડે રૂા. ૨૬૮૧ સુધી ઉતરી જવાની સંભાવના મજબૂત.

વીમા કંપનીઓના નફાના આંકડા સામાન્ય વૃદ્ધિ જ દર્શાવે છે અને તેથી ડિસેમ્બર ક્વાર્ટરના નફાનો જે જોરદાર સપોર્ટ મળવો જોઈએ તે નથી મળ્યો અને તેથી ખેલાડીઓએ આ તબક્કે **એલઆઈસી**ના શેર ઉપર ફોકસ કેન્દ્રિત કર્યું છે. એલઆઈસી અત્યારે રૂા. ૯૦૪ ઉપર આવી ગયો છે અને આવતા થોડા દિવસોમાં મજબૂત અપટ્રેન્ડ સાથે રૂા. ૯૩૩ અને તે પછી રૂા. ૯૫૮ અને તે પછીના ઉછાળે રૂા. ૯૮૩ સુધી ભાવ જવાની ગણતરી છે અને તેથી આઈપીઓમાં લાગ્યા હોય તો આ તબક્કે વેચી નાખવાની ઉતાવળ ન કરવી.

અન્ય સરકારી વીમા કંપની **ન્યૂ ઇન્ડિયા એન્સ્યોરન્સ** રૂા. ૨૩૨ ઉપર ચાલે છે. અને આ શેરમાં હાલના તબક્કે ટૂંકી વધઘટનો ટ્રેન્ડ જોવા મળવાની સંભાવના મજબૂત.

જનરલ ઈન્સ્યોરન્સનો બિઝનેસ ધરાવતી અને રી-ઈન્સ્યોરન્સનું કામ કરતી **જનરલ ઇન્સ્યોરન્સ ઓફ ઇન્ડિયા**નો શેર અત્યારે રૂા. ૩૫૨ ઉપર આવ્યો છે અને આ શેર મજબૂત તેજીમાં છે. આગામી દિવસોમાં આ શેરમાં ઝડપથી રૂા. ૩૬૪ અને તે પછી રૂા. ૩૭૬ અને તે પછીના ઉછાળે રૂા. ૩૯૪નો ભાવ આવી જવાની ગણતરી.

**એચડીએફસી લાઈફ** અત્યારે રૂા. ૫૭૯ ઉપર છે અને આ શેર હવે નવા અઠવાડિયામાં બોટમલાઉટ થઈને અપટ્રેન્ડમાં દાખલ થાય તે સંભાવના છે. અને તેમાં રૂા. ૫૭૨-૫૭૪ વચ્ચે એન્ટ્રી લઈ શકાય.

**એસબીઆઈ લાઈફ** અત્યારે રૂા. ૧૩૮૦ ઉપર ચાલે છે અને આ શેરમાં શોર્ટટર્મમાં હજી વધારે ઘટાડા સાથે રૂા. ૧૩૫૩ અને તે પછી વધારે ઘટીને રૂા. ૧૩૨૩ સુધી ભાવ આવી જવાની ગણતરી.

**સ્ટાર લાઈફ**નો શેર અત્યારે રૂા. ૫૫૫ ઉપર ચાલે છે અને આ શેરમાં નાના ઘટાડાની ગણતરી, નીચામાં રૂા. ૫૪૫ અને તે પછી વધારે ઘટીને રૂા. ૫૩૫ સુધી ભાવ આવી જવાની ગણતરી છે. વધારે મોટો ઘટાડો આ શેરમાં નથી દેખાતો.

બ્રોકરેજ કંપનીઓના બિઝનેસમાં ખૂબ સુંદર ઉછાળો હોવા છતાં તેમના વેલ્યૂએશન અતિશય મોંઘા થઈ ગયા છે અને તેથી આ સેક્ટર માટે હવે ખૂબ જ સિલેક્ટિવ રહેવું જરૂરી છે.

**આનંદરાઠી વેલ્થ**નો શેર અત્યારે રૂા. ૩૦૪૨ ઉપર ચાલે છે અને આ શેરમાં આવતા થોડા દિવસોમાં રૂા. ૧૦૦-૧૦૦ની બે નોટો મળી જાય તેવી ગણતરી છે અને તેથી તેમાં રોકાણ જાળવી રાખવું.

સામે પક્ષે **આઈસીઆઈસીઆઈ સિક્યોરિટીઝ** લિસ્ટિંગ ચાલુ રાખશે કે કેમ તે અંગે અનિશ્ચિતતા છે. બિઝનેસમાં સામાન્ય સુધારો જ જોવાય છે. અત્યારના રૂા. ૭૭૬વાળા આ શેરમાં આવતા થોડા દિવસોમાં રૂા. ૮૦૮ અને તે પછી રૂા. ૮૪૮નો ભાવ આવી જાય તેવી ગણતરી છે એટલે કે ૧૫ ટકાનું રિટર્ન થોડા અઠવાડિયામાં રોકાણકારોને મળવાની ગણતરી.

**મોતીલાલ ઓસ્વાલ ફિનાન્સીયલ સર્વિસ**નો શેર અત્યારે રૂા. ૧૭૩૨ ઉપર આવ્યો છે અને આ શેરમાં હજી ઉછાળાના છેલ્લા તબક્કામાં રૂા. ૧૮૧૮થી રૂા. ૧૮૮૮ વચ્ચે ભાવ આવી જવાની ગણતરી અને તે લેવલ પછી પ્રોફિટ બુકિંગ શરૂ કરી શકાય.

**જીયોજિત ફિનાન્સીયલ**માં લાંબો કસ નથી દેખાતો. અત્યારે રૂા. ૮૮ ઉપર ચાલે છે અને તેમાં ધીરે ધીરે રૂા. ૯૨ અને તે પછી રૂા. ૧૦૦નો ભાવ જોવા મળવાની ગણતરી છે. નાનું રોકાણ કરી શકાય.

**એડલવિસ** અત્યારે રૂા. ૭૨-૭૩ ઉપર ચાલે છે અને તેમાં નાનો સુધારો જોવા મળે, બાકી લાંબો કસ આ તબક્કે નથી.

અમદાવાદની **પ્રુડન્ટ કોર્પોરેટ**નો શેર રૂા. ૧૨૫૩ ઉપર છે અને આ શેરે રૂા. ૧૩૭૦નું ટોપ બતાવેલું અને ત્યારથી કરેકશન ચાલુ થયું છે. તેમ છતાં નવા અઠવાડિયામાં હજી એક વખત ઝડપી ઉછાળો બતાવે તે સંભાવના મજબૂત છે.

મ્યુચ્યુઅલ ફંડમાં દર મહિને લાખો

## ગામની ગપસપ

- **ઇન્ડેક્ષ**, નિફ્ટી અને બેંક નિફ્ટીમાં આ વખતે વિરોધાભાસી ટ્રેન્ડ જોવા મળે. હેવીવેઈટ બેંક શેરોની નીચા રાખીને અન્ય શેરોમાં તેજીમય ટ્રેન્ડ ચાલુ રાખવાની મુંબઈના ખેલાડીઓની ગણતરી અને તે મુજબની સ્ટ્રેટેજી બનાવવી.
- **બજાજ ઓટો**, ઈલેક્ટ્રિક વાહનોમાં કંપનીનો માર્કેટ હિસ્સો વધ્યો, અત્યારે રૂા. ૭૫૯૭ ઉપર છે અને આવતા થોડા દિવસોમાં મજબૂત ઉછાળા સાથે રૂા. ૭૯૦૦ અને તે પછીના ઉછાળે રૂા. ૮૩૦૦ના ભાવની સંભાવના મજબૂત.
- **ભારતી એરટેલ**, રૂા. ૧૧૬૧વાળા આ શેરમાં પણ વધી રહેલું આકર્ષણ, આવતા થોડા દિવસોમાં સુંદર વૃદ્ધિ સાથે રૂા. ૧૨૬૦નો ભાવ જોવા મળવાની ગણતરી. થોડાક શેરો લઈને મૂકી શકાય.
- **તાતા કન્ઝ્યુમર**, બે જોરદાર ટેઈકઓવર પછી આ શેર તરફ ખેલાડીઓનું આકર્ષણ વધ્યુ છે. છેલ્લી બે-ત્રણ સેશન પ્રોફિટ બુકિંગ આવ્યા પછી અત્યારે રૂા. ૧૧૩૭નો ભાવ, રોકાણ જાળવી રાખવું અને આ શેરમાં આવતા થોડા દિવસોમાં જોરદાર ઉછાળા સાથે રૂા. ૧૧૭૫ અને તે પછી રૂા. ૧૨૦૬ના ભાવની ગણતરી.
- **એપોલો હોસ્પિટલ**, આ વખતના શિયાળામાં ધોળિયાઓનું મેડિકલ ટુરિઝમ જોરદાર છે. શેર રૂા. ૬૧૬૮ ઉપર અને આવતા થોડા દિવસોમાં મજબૂત વૃદ્ધિ સાથે રૂા. ૬૨૯૨ અને તે પછી રૂા. ૬૪૧૪નો ભાવ જોવા મળવાની સંભાવના મજબૂત.
- **ટાઈટન**, ખરાબ બજારમાં પણ ધીરે ધીરે સુધરી રહ્યો છે. પરિણામો પ્રોત્સાહક, રૂા. ૩૭૭૦વાળા આ શેરમાં આગામી દિવસોમાં ધીમા સુધારા સાથે રૂા. ૩૮૦૧ અને તે પછી રૂા. ૩૮૩૨નો ભાવ જોવા મળે. ટાઈટને તેની ૧૦૦ ટકા પેટા કંપનીમાં એરોસ્પેસ માટેના કમ્પોનન્ટનું ઉત્પાદન પણ શરૂ કરી દીધું છે અને બે-ત્રણ વર્ષમાં તેનો આઈપીઓ પણ લાવવામાં આવે તો નવાઈ નહિ લાગે.
- **તાતા મોટર્સ**, હાઈડ્રોજનથી ચાલતી ટ્રક ઉપર કામકાજ જોરદાર છે અને આવતા થોડા દિવસોમાં જ કોઈ જંગી જાહેરાત આવી જાય તો નવાઈ નહિ લાગે. ઈલેક્ટ્રિક પેસેન્જર કારમાં મોનોપોલી છે તેમ કહીએ તો અતિશયોક્તિ નથી. રૂા. ૮૧૨વાળા આ શેરમાં મજબૂત અપટ્રેન્ડની ગણતરી. ધીમા સુધારા સાથે રૂા. ૮૧૮ અને તે પછી રૂા. ૮૨૨ના ભાવની સંભાવના મજબૂત.
- **એશિયન પેઈન્ટ્સ**, પ્રોત્સાહક પરિણામો છતાં પણ આ શેરમાં કરેકશન જોવાયું. અત્યારના રૂા. ૨૯૧૯ના ભાવે થોડાક શેરો લઈને મૂકી દેજો. અગાઉ ચાન્સ ખોયો હશે તો આ વખતે એન્ટ્રી લેવાનો ચાન્સ ઝડપી શકાય.
- **એચડીએફસી લાઈફ**, છેલ્લા થોડા દિવસોના કરેકશનમાં આ શેર પણ ઝડપથી તૂટ્યો છે. અત્યારે રૂા. ૫૭૯ ઉપર છે અને નીચામાં રૂા. ૫૭૦થી રૂા. ૫૮૦ની રેન્જમાં થોડા થોડા શેરો લઈને મૂકી દો અને તે પછી તેજીની ગાડી દોડતી થશે ત્યારે ઉપરમાં રૂા. ૬૦૦ પ્લસના ભાવની સંભાવના.
- **રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ**, સેન્સેક્ષ અને નિફ્ટી આટલા તૂટે છે તેમ છતાં રિલાયન્સમાં ઘટાડો મર્યાદિત, અત્યારના રૂા. ૨૭૦૬ના ભાવે થોડા થોડા કરીને ભેગા કરી શકાય. આગામી દિવસોમાં હવે વેલ્યૂઅનલોકિંગની વાત પાછળ શેર મજબૂત અપટ્રેન્ડમાં દાખલ થવાની ગણતરી.
- **અદાણી એન્ટરપ્રાઈઝ**, રૂા. ૨૮૯૩ના ભાવે થોડા થોડા કરીને શેર ભેગા કરી શકાય. અન્ય બે કંપનીઓના બચ્ચા આપવામાં આવે તે સંભાવના મજબૂત, ઈન્વેસ્ટમેન્ટની રીતે આકર્ષક.
- **બોમ્બે ડાઇંગ**, ગોએરને વેચવા અંગેની વાટાઘાટો ચાલી રહી છે. રૂા. ૧૮૨વાળા બોમ્બેડાઈંગમાં ભાવ ધીરે ધીરે તેજીમાં આવી જવાની તૈયારી. પચાસેક શેર આ ભાવે લઈને મૂકી શકાય. સુંદર ઉછાળા સાથે રૂા. ૨૧૦ અને તે પછી રૂા. ૨૨૪નો ભાવ જોવા મળે.
- **સંગમ ઇન્ડિયા**, રાજસ્થાનની ટેક્ષટાઈલ કંપની અને તેમાં રૂા. ૪૮૮વાળો શેર વધીને રૂા. ૫૨૨ અને તે પછી રૂા. ૫૬૭ થવાની ગણતરી. દસેક શેર આ ભાવે લઈને મૂકી દેજો.
- **અરવિંદ લિમિટેડ**, ત્રીજી જોરદાર ટેક્ષટાઈલ કંપની, અત્યારના રૂા. ૩૧૪ના ભાવે જોરદાર છે. આવતા થોડા દિવસોમાં રૂા. ૩૨૭ અને તે પછી રૂા. ૩૪૬ના ભાવની ગણતરી.


**POLYLINK POLYMERS (INDIA) LIMITED**

CIN No: L17299GJ1993PLC032905

Registered Office: 229-230,Village : Valthera,

Taluka – Dholka, Distt. Ahmedabad, Gujarat - 382225

Ph No.: 079-26427800, Fax: 079-26421864

Website:www.polylinkpolymers.com

E-mail: polylink@polylinkpolymers.com

**નોટિસ**

સેબી(લિસ્ટિંગ ઓબ્લિગેશન તથા ડિસક્લોઝર રીક્વાયરમેન્ટ) રેગ્યુલેશન,૨૦૧૫ ના રેગ્યુલેશન ૨૯ તથા રેગ્યુલેશન ૪૯ અન્વયે નોટિસ પાઠવવામાં આવે છે કે તા. ૦૫મી ફેબ્રુઆરી ૨૦૨૪,સોમવાર નાં રોજ કંપનીના બોર્ડ ઓફ ડાયરેક્ટર્સની મીટિંગ મળશે,જેમાં ૩૧મી ડિસેમ્બર,૨૦૨૩ ના રોજ પૂરા થયેલા કર્વાટર અને નવ મહીનાનાં અન-ઓડિટેડ નાણાંકીય પરિણામો પર વિચારણા થશે તેમજ મંજૂર કરવામાં આવશે અને અન્ય બીઝનેસ આઈટમો.

આ નોટીસ કંપનીની વેબસાઈટ www.polylinkpolymers.com અને સ્ટોક એક્ષચેંજની વેબસાઈટ www.bseindia.com ઉપર પણ જોઈ શકાશે.

પોલીલિંક પોલીમર્સ (ઈન્ડીયા) લી.નાં
બોર્ડ ઓફ ડાયરેક્ટર્સનાં હુકમથી
સહી/-
રવિપ્રકાશ ગોયલ
હોલટાઈમ ડાયરેક્ટર

તારીખ:૨૭.૦૧.૨૦૨૪
સ્થળ :અમદાવાદ

# CHANAKYA

NI POTHI

Ahmedabad 29-01-2024


## Battle shifts to new class of drugs in diabetes treatment in India

A mega shakeup in India's Rs 17,400 crore diabetes drug market is on the cards with pharma majors lining up a slew of launches in a new category of medications utilised in the treatment of type 2 diabetes and obesity.

Glucagon-like peptide receptor agonist (GLP-1RA) works by activating GLP-1 receptors in the pancreas, which leads to enhanced insulin release and reduced glucagon release responses.

Clinical trials of these drugs have shown to lower glycemic parameters and promote weight loss.

Umag Vohra, managing director and global chief executive officer of Cipla, terms GLP-1RA as 'transformational', similar to what Statins did in the treatment of cholesterol.

"India has 100 million diabetes patients, and many more are undiagnosed. Even if 20-25 per cent start administering GLP-1RA, it would be a significant opportunity," Vohra said.

Cipla on Thursday said it is working on two drugs in this class —semaglutide and liraglutide — which will be launched in India when the patents expire.

Dr Reddy's Laboratories (DRL) is conducting a bioequivalence study for semaglutide, and any launch plan will be in keeping with the patent expiry.

Glenmark, meanwhile, has already launched a biosimilar version of liraglutide, which is priced at 70 per cent lower than the innovator brand.

The semaglutide patent is expected to expire in early 2026.

Liraglutide's (Victoza) patent protection has already expired in 2023, and several global players are now planning to launch

copycat versions this year.

Innovator Novo Nordisk's semaglutide (Ozempic and Rybelsus) and liraglutide (Victoza) are available in India around Rs 10,000 for a monthly course (semaglutide), and Rs 5,324 for a monthly course (Liraglutide), respectively, depending on the strength the doctor prescribes.

Vohra added that Cipla would try and launch the biosimilar versions of these drugs in the US as well. But it may not happen during the first wave of biosimilar launches in that country, he clarified.

Cipla has begun relevant trials (including bridging trials) for both semaglutide and liraglutide. The company did not comment on when they would bring these drugs to India. It would happen after patents expire.

Glenmark Pharmaceuticals launched a biosimilar version of liraglutide earlier this month, after getting the nod from the Drugs Controller General of India (DCGI).

The company would sell it under brand name Lirafit at a price it claimed would be 70 per cent less than the innovator drug Victoza from Novo Nordisk.

DRL received the DCGI nod to carry out a bioequivalence study of semaglutide in October last year.

DRL also sought a waiver for a phase-III clinical trial.

A bioequivalence study essentially establishes that two versions of the same drug get absorbed similarly in the body.

Sun Pharmaceutical Industries has a GLP-1RA novel candidate named GL0034 under development.

Sometime in July 2023, the company announced results from two phase 1 studies that evaluated the tolerability and safety of GL0034 in non-obese and obese adults without diabetes.

Sun Pharma has not disclosed whether it aims to bring this investigational drug to India.

Declining to give guidance on future launches, Sun Pharma's Managing Director, Dilip Shanghvi, in the second quarter analyst call, said: "At a theoretical level, I think both semaglutide and liraglutide are good products, not easy to register. And what you call, we don't expect too many people to get approval because of the complexity. But it will be a good product whoever can get it approved."

Danish drug company Novo Nordisk's Victoza is Glenmark's competitor in the Indian market.

Victoza (3ml rDNA liraglutide) comes in three doses: 0.6 mg, 1.2 mg, and 1.8 mg, which would last for 30 days, 15 days, and 10 days respectively, when administered through a pen of 6mg/ml strength (similar to Lirafit).

According to online pharmacy websites, Victoza costs Rs 5,324 per pen. For a 1.2 mg dose, it would cost over Rs 10,000 a month because the pen would typically last 15 days.

Glenmark has priced Lirafit at approximately Rs 100 for a standard daily dose of 1.2 mg, or Rs 3,000 for a monthly course.

According to IQVIA, Victoza had a market size of Rs 27 crore as of November 2023. The market for GLP-1 RA in India is estimated to be Rs 259 crore, according to IQVIA sales data.

"We are the diabetes capital of the world. Around 11.5 per cent of the population are suffering from diabetes and it is growing because of our lifestyles and genetic factors. GLP-1 analogs are being used worldwide. In India, the market could not pick up because of the cost of treatment and accessibility. This class of drugs have an impact on diabetes management and cardiovascular events," President and Head of India Formulations Business at Glenmark Pharmaceuticals, Alok Malik, told

In 2022, the market size of GLP-1RA was evaluated to be around $22.4 billion globally. It is anticipated to exhibit sustainable growth at a CAGR of around 9.6 per cent till 2032.

## Tata group, Airbus team up to make helicopters; Thales' MRO on cards

The Tata group and European aerospace company Airbus have signed an agreement to manufacture H125 civilian helicopters together in India. This announcement came as India and France adopted a joint defence production road map and an agreement on defence space partnership, following talks between Prime Minister Narendra Modi and French President Emmanuel Macron.



French defence major Thales, too, said it is bringing its "trusted" high-tech capabilities to India and that it plans to set up an avionics MRO (maintenance, repair, and operations) unit in Delhi to provide world-class services to its airline customers.

Under negotiation for the past year, the India-France Defence Production Roadmap could catapult Indian defence producers into the global league by allowing them access to European technology and exposure to France's list of clients in the Asia-Pacific and beyond. "The road map will identify opportunities for partnership in the defence industrial sector that prioritises co-design, co-development, and co-production, with an eye on building the defence supply chains between the two countries, so that they can be a useful contributor to the security partnership with other countries which use similar products," said Foreign Secretary Vinay Mohan Kwatra on Friday at a press briefing, outlining the visit of the French president to Delhi.

The partnership would include air and space tech, maritime tech, including underwater domain awareness, and equipment and systems related to land warfare. It also heavily focuses on cutting-edge technology, including robotics, artificial intelligence, cyber-defence, and autonomous vehicles and platforms.

Also, in partnership with Tata Advanced Systems Limited (TASL), Airbus Helicopters will set up a final assembly line (FAL) for H125 civilian helicopters. This will be India's first private helicopter manufacturing facility. "The FAL will take 24 months to set up and deliveries of the first 'made-in-India' H125s are expected to commence in 2026. The location of the FAL will be jointly decided by Airbus and the Tata group," Airbus said in a statement.

The proposed helicopter manufacturing facility will be the second FAL to be established in India by Airbus in partnership with TASL. The two companies are currently building the C295 military transport aircraft FAL in Vadodara. India currently has fewer than 250 civilian helicopters in service vis à vis more than 15,000 that are operating in the US.

These made-in-India helicopters will also be exported to some of the neighbouring countries.

While Civil Aviation Minister Jyotiraditya Scindia called it a "historic day", N Chandrasekaran, chairman, Tata Sons, said, "This facility will have the final assembly line in partnership with Airbus for the world's bestselling Airbus H125 single-engine helicopter for the Indian, as well as export markets."

Airbus CEO Guillaume Faury said: "Helicopters are crucial for nation building. A 'made-in-India' civil helicopter will not only be a symbol of the confident New India but will also unlock the true potential of the helicopter market in the country."

Along with transportation of passengers and goods, the H125 can be used for segments, such as emergency medical services (HEMS), disaster management, law enforcement, tourism, and aerial work missions.

"Providing last-mile connectivity to remote areas, the H125 will significantly contribute to India's regional connectivity scheme – Ude Desh ka Aam Naagrik (UDAN) -- that will further promote the tourism sector in the country," Airbus noted.

Meanwhile, Vice-president and Country Director of Thales India Ashish Saraf, in a PTI report, described the decision to set up the avionics MRO unit in Delhi as a "key initiative" and asserted that Thales would fully support India's domestic defence manufacturing. On whether India's planned procurement of 26 Rafale-M fighter jets (marine version) and three Scorpene submarines from France would open new pathways for defence ties, Saraf did not give a direct reply but said Thales is proud to be a member of the Rafale team.

Space ties get stronger

A key anchor of India's strategic partnership with France, space has found significant mention in the latest talks. A letter of intent agreed upon by both nations focused on space situational awareness to understand the increasingly crowded upper atmosphere where thousands of active and defunct satellites remain in orbit, Kwatra said.

Both nations would also work together on collision avoidance, earth monitoring, remote sensing, communications, and broadcasting, he further said.

New Space India Limited (NSIL), a public sector undertaking under the Department of Space, and French commercial launch service provider Arianespace have launched a partnership. NSIL is responsible for producing, assembling, and integrating the launch vehicle with the help of an industry consortium.

The Department has also signed two agreements with counterpart French institutions to jointly research decarbonized hydrogen, applied mathematics, digital technologies, and precision agriculture.

President Draupadi Murmu was set to hold a state banquet in Macron's honour on Friday evening.

Macron had a busy schedule on the second day of his trip on Friday.

## Games24x7's Bhavin Pandya hopes 2024 will be a promising year for industry

Not many entrepreneurs openly acknowledge that luck is as crucial as hard work in achieving success. Bhavin Pandya, co-founder and co-CEO of gaming unicorn Games24x7, is among the exceptions.

"I'm a big believer in luck," Pandya says. While many people talk about their hard work, he says, for every ounce of effort or persistence he has shown, he can find a hundred others who would surpass him. "There are a million people who are smarter and more intelligent than I am, but you are interviewing me," he explains, scoring a point.

We are meeting over breakfast at Westin Hotel's Seasonal Tastes restaurant in Goregaon, Mumbai, trying to drown out the noise of a bustling morning rush. The restaurant on the 18th floor offers a glimpse of the evolving infrastructure in the western suburbs of Maximum City, but we haven't chosen it for its view.

The choice of venue is out of convenience, given that Pandya, who lives in Boston, Massachusetts, is staying at the hotel, which is across the street from the Games24x7 office. His job requires him to shuttle between Boston and Mumbai, the city where he grew up.

Luck. That's not a word the gaming industry is comfortable using. It has, after all, been constantly striving to convince the authorities that it is in the business of skill, not chance. So how do investors perceive the luck factor in gaming, I ask him. "To them, we say the real-money game is a bumpy ride, but we believe in it. If they share that belief, they support us," he says.

We head to the buffet. Pandya opts for tofu bhurji with tossed veggies, followed by a ragi uttapam with onion, tomato and cheese. He explains his protein-loaded choice, emphasising that as a vegetarian, he doesn't get enough protein. I go with idli, sambar and a cup of cappuccino.

Founded in 2006 by Pandya and Trivikraman Thampy, Games24x7 achieved unicorn status in 2022.

Although profitable in 2012, it had taken three years for the firm to go live, as it struggled to convince banks of its business model and getting a payment gateway. "We would be sitting at HDFC Bank every week…," Pandya recalls.

The play of luck is evident in Pandya's academic journey as well.

Initially pursuing electrical and computer engineering, he later shifted gears, obtaining a master's in economics from New York University (NYU), before enrolling for a PhD in economics in 2005. Thampy, an aerospace engineer from IIT Bombay with an MPhil in economics from the Indira Gandhi Institute of Development Research, joined NYU in 2001.

Pandya's initial plan was to return to India after his PhD and work in the field of development economics. He was already working with some people in the microfinance space.

However, the allure of gaming took hold while he was in New York on a full fellowship, "which meant I didn't have to worry about paying the bills, and sometimes, in such a scenario, the mind wanders…," he says. He also confesses that he had little patience for the extensive research a PhD entails.

How did his parents feel about his drastic career shift? "My parents allowed me to do what I wanted, and more importantly, they did not have to rely on me, which meant I was able to explore — transitioning from engineering to economics to entrepreneurship".

Returning to the subject of luck, Pandya emphasises its role in the gaming business, which is frequently challenged by regulatory and tax hurdles. He shares an example from 2021 when almost every state banned them.

## Akasa Air orders over 300 CFM engines for its new B737 MAX aircraft

Akasa Air has ordered over 300 LEAP-1B engines from CFM International to power 150 B737 MAX aircraft that it ordered from Boeing earlier this month.

Each Leap 1-B engine costs around $15 million. The deal is valued at around $4.5 billion and includes spare engines and a services contract.

Last year, Air India also signed an agreement with CFM International - a joint venture between American company GE and French company Safran - to provide more than 800 LEAP engines for A320neo family planes and B737 Max planes that it ordered in 2023.

Similarly, India's largest carrier IndiGo purchased LEAP engines in 2021 to power its fleet of A320neo family planes. Airlines with a fleet of Boeing 737 MAX planes have the option of choosing two engine types; either a CFM LEAP-1B or Pratt and Whitney's (PW) 1000G engine.

However, airlines that use PW-powered planes have been facing problems for the past several months. Grounded carrier GoFirst had squarely blamed PW for its cash crunch in May last year, stating that about half of its 54 aircraft were grounded due to a delay in the supply of engines by the US-based manufacturer.

In a separate issue with PW, IndiGo in November 2023, said it was grounding over 30 aircraft in the fourth quarter of the ongoing financial year (Q4FY24).

This problem arose from a powder metal defect in engines which could lead to component cracking. It meant that IndiGo would have around 80 planes grounded due to issues in PW engines.

Earlier this month, Akasa Air at Wings India Summit 2024 placed an order for 150 B737 Max aircraft with Boeing. This order comprises B737 Max 8-200 and B737 Max 10. These planes will be delivered between mid-2027 and 2032. The new order means that Akasa Air, which launched its operations in August 2022, has ordered a total of 226 Max aircraft from Boeing to date.

Previously, the airline ordered 76 LEAP-1B-powered Max aircraft.

Out of these, 22 have been delivered to the airline. The airline expects deliveries of the remaining 54 aircraft by mid-2027.

"This significant, long-term agreement is a testament to the confidence that CFM International has in Akasa Air. With CFM as our long-term engine maintenance provider, we remain confident in our path to becoming one of the top 30 leading airlines in the world, by the turn of this decade," said Vinay Dube, Founder and CEO, Akasa Air.

Recently, GMR Hyderabad Aviation SEZ Limited (GHASL), signed a Land Lease Agreement with Safran Aircraft Engines Services India, a subsidiary of Safran, to lease land to the latter aerospace company to build and operate an engine MRO (maintenance, repair, overhaul) facility for LEAP turbofan engines.

The facility will have the capacity to service 100 engines per annum, which will increase to around 300 engines by 2035.

## Foxconn India journey gets a leg-up as CEO Young Liu gets Padma Bhushan

Apple and iPhone have been in the news as part of the India manufacturing story. On Friday, Foxconn, a leading contract manufacturer for Apple, got recognition in the form of a civilian award conferred on the Taiwanese company's chief executive officer Young Liu. Among the 17 winners of Padma Bhushan, Liu was one. A total of 132 won the 2024 Padma Awards (Padma Vibushan, Padma Bhushan and Padma Shri) for excellence in diverse fields.

As for Foxconn, its India journey began as early as 2006 when it entered the market as a manufacturer for Nokia in Tamil Nadu and its subsidiary FIH Mobile set up three facilities in the state. About two decades later, Foxconn is seen as a powerhouse of electronics manufacturing in the India market, both for exporting iPhones to other countries and domestic sales.

"I firmly believe this is an affirmation of a collaboration that benefits India's long-term development and supports the growth of local economies. I will continue to inspire my team. Let's do our part for manufacturing in India and for the betterment of society," Liu said in a statement after the award.

Foxconn is the world's largest electronics manufacturer and Apple's biggest iPhone maker. The Taiwanese major's iPhone production accounts for 70 per cent of the global shipments. For Foxconn's expansion in India, geopolitics has played a role. With Apple following a 'China Plus One' strategy, its contractors like Foxconn have upped their game in India, as an analyst said. The company had earlier said that its India operations generate around $10 billion revenues annually. Beyond iPhones, Foxconn is planning to make India its third global hub for electric vehicle (EV) contract manufacturing.

Analysts explained the Padma award for the Foxconn CEO as an honour to an industry major which is set to invest '"several billion dollars" in India. Last year, it had lined up mega investments in states such as Karnataka, Telangana and Tamil Nadu.

However, it's not been a smooth ride all through Foxconn's India journey. As a contract manufacturer for Nokia earlier, it had to experience a sudden turn of fortunes when Microsoft acquired Nokia in 2014. Following a dip in orders, the Taiwanese giant announced in December 2014 that it was winding up operations in Chennai. It bounced back soon enough, returning to India as an Apple manufacturer.

At present, the company reportedly has an estimated 15 subsidiaries in India.

"We have over 30 factories in India. The turnover and business size are roughly $10 billion annually. We have over 20 dormitories that shelter tens and thousands of employees who work with Foxconn in India," Liu had told the media recently.

The group's investments include Rs 8,800 crore in Karnataka by Foxconn Industrial Internet (FII), a deal with Tamil Nadu worth Rs 1,600 crore for a mobile component manufacturing unit, a phone enclosure project in Karnataka for Rs 3,000 crore and another worth Rs 2,000 crore for semiconductor equipment project.

This is in addition to the Karnataka government approving a project by Foxconn Hon Hai Technology India Mega Development (FHH) with an investment of Rs 8,000 crore and Foxconn Interconnect Technology's foray into Telangana through a $500 million investment. In Tamil Nadu's Sriperumbudur unit, the company is increasing the staff strength from 15,000 to around 18,000 in the immediate future.

One of its unsuccessful plans was a venture with the Vedanta group or making semiconductors. Last July, Foxconn withdrew from the joint venture. Last month, the government said that Foxconn had submitted its application for setting up a semiconductor fab unit in the country—that could mean a bigger pie in the India market for the Taiwanese major.

## Ola unveils e-bike service in Delhi, Hyderabad; plans 10K EVs across cities

Ride-hailing platform Ola unveiled its e-bike service in Delhi and Hyderabad on Friday. The SoftBank-backed company will also expand and increase the deployment of e-bikes in Bengaluru following a successful pilot.



The company plans to deploy 10,000 e-vehicles across these cities over the next 2 months. This is in line with its vision and growth strategy to serve 1 billion Indians and nationwide penetration with electrification.

With the deployment of these vehicles, Ola will have the largest EV 2W (electric vehicle two-wheeler) fleet in the country. The company will double down and scale up the e-bike services throughout India by the end of this year. With prices as low as Rs 25 for

continued on Pg no. 2


**POLYLINK POLYMERS (INDIA) LIMITED**

Registered Office: 229-230,Village: Valthera,
Taluka – Dholka,Distt. Ahmedabad, Gujarat 382225

CIN : L17299GJ1993PLC032905 E-MAIL: polylink@polylinkpolymers.com
PH : 079-26427800 Fax : 079-26421864 www.polylinkpolymers.com

**NOTICE**

Pursuant to Regulation 29 read with Regulation 49 of SEBI (Listing obligation and Disclosure Requirements) Regulations, 2015, Notice is hereby given that a Meeting of the Board of Directors of the Company is Scheduled to be held on Monday, 05th February, 2024 Inter alia to consider and take on record the Un-audited Financial Results for the Quarter and Nine Month ended 31st December, 2023 and other Business.

The Said Notice may also be accessed on the Company's Website at www.polylinkpolymers.com and on the Stock Exchange Website at www.bseindia.com.

For Polylink Polymers (India) Limited
Sd /
R P Goyal
Whole Time Director
DIN: 00040570

Date : 27.01.2024
Place: Ahmedabad